BRAMPTON

Media Release

ત્વરિત જાહેરાત માટે

# બ્રેમ્પટન ઈન્ટરનેશનલ વીમેન્સ ડે માર્ચ 8 નાં રોજ વર્ચ્યુઅલી ઉજવશે

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (માર્ચ 3, 2021) – સીટી ઓફ઼ બ્રેમ્પટન સોમવાર, માર્ચ 8 નાં રોજ એકતા, પ્રતિબિંબ, હિમાયત અને વૈશ્વિક તેમજ સ્થાનિક એમ બંને સ્તરે કાર્યોની ઝાંખી કરાવતી આખા દિવસની કોન્ફ઼રન્સ સાથે ઈન્ટરનેશનલ વીમેન્સ ડે (આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ) વર્ચ્યુઅલી ઉજવશે.

બ્રેમ્પટનની પોતાની ક્રિસ્ટિના હૌરન (Cristina Howorun), ટોરોન્ટોમાં સીટીન્યૂઝ (CityNews) સાથે કાર્યરત એક એવોર્ડ-વિજેતા પત્રકાર, આ કાર્યક્રમ હોસ્ટ કરશે (યજમાનપદ સંભાળશે), જે સવારે 8 વાગ્યે વર્ચ્યુઅલ નેટવર્કિંગથી શરૂ થશે, જે પછી મ્સ્કવાસિન ઍગ્ન્યૂ (Mskwaasin Agnew) ઈન્ડિજીનસ એક્નોલેજમેન્ટ (સ્વદેશી સ્વીકાર) અને ડ્રમિંગ સમારોહ યોજશે. બ્રેમ્પટન-કેલેડોનની ઝોન્ટા ક્લબ આ કોન્ફ઼રન્સ પ્રસ્તુત કરવામાં સીટી ઓફ઼ બ્રેમ્પટનના સામુદાયિક ભાગીદાર છે. આખા-દિવસની ઓનલાઈન કોન્ફ઼રન્સ માટે નોંધણી કરાવવા અને વર્ચ્યુઅલ માર્કેટમાં સહભાગી થવા, અહીં ક્લિક કરો. કોન્ફ઼રન્સની ઝાંખીઓમાં સામેલ છે:

- મુખ્ય વક્તા ઓલુનિક અડેલિની (Oluniké Adeliyi), બ્રેમ્પ્ટનમાં જન્મેલી એક અભિનેત્રી અને વર્કિંગ મોમ્સ (Workin' Moms) ની તારિકા (સ્ટાર), કેનેડિયન વૂમન ઓફ઼ કલર તરીકે મુશ્કેલભર્યા અભિનય ઉદ્યોગમાં પ્રવેશવા વિશે વાત કરશે
- શૅરી હૉમ્સ (Sherry Holmes), એક કોન્ટ્રાક્ટર, ટેલિવિઝન હોસ્ટ, અને વેપારમાં મહિલાઓ માટેની એમ્બેસેડર (રાજદૂત), પુરુષોનું પ્રભુત્વ ધરાવતા વેપાર ઉદ્યોગોમાં મહિલાઓના ઉદય વિશે ચર્ચા કરશે
- ડૉ. ફ઼રિહા ખાન (Dr. Fariha Khan) અને નર્સ ફ઼િલિઝ ઓઝિમસિર (Filiz Ozmisir) મહામારી વચ્ચે જીવન વિશે ખુલ્લી ચર્ચા કરશે
- મનોવિજ્ઞાની ડૉ. અરીબા અદનાન (Dr. Areeba Adnan) મહિલાઓનું લચીલાપણું (રેઝિલિયન્સ) અને આપણાં માનસિક આરોગ્ય પર પ્રભાવો વિશે વાત કરશે
- લંચ સમયે વર્કશોપ્સ: લિંગ સમાનતા; શિક્ષણ, જુવાનો અને કિશોરો; માતાઓ અને માતૃત્વ; આસ્થા, વિવિધતા અને સંસ્કૃતિમાં મહિલાઓ; મન, આત્મા, તંદુરસ્તી અને આરોગ્ય; કટોકટીમાં મહિલાઓ; અને, ટેકનોલોજી ક્ષેત્રમાં મહિલાઓ
- પરફ઼ોર્મન્સીસ (પ્રસ્તુતિઓ) - બ્રેમ્પટનની પોતાની રોબર્ટા બટાગ્લિઆ (Roberta Battaglia), અમેરિકા હેઝ ગોટ ટેલેન્ટની ફ઼ાઈનલિસ્ટ; ન્નેકા એટ્ટો (Nneka Atto), કેનેડિયન-નાઈજીરીયન ફ઼ૉક (લોક), દેશ, અને R&B ગાયક; અને, R&B/હિપ-હોપ કલાકાર અમીરાહ ખાન (Ameerah Khan)
- ધ્યાન-ચિંતન ક્ષણોની પ્રસ્તુતિ સ્નિગ્ધા મલિક (Snigdha Malik), અને બ્રેમ્પટનમાં ઑરા હાઉસની માલિક લિસા ક્લાર્ક (Lisa Clarke) સાથે વર્ચ્યુઅલી સ્ટ્રેસ એન્ડ રિફ઼ોકસ (તાણ અને પુનઃધ્યાન કેન્દ્રિત કરવું)

બ્રેમ્પટન એન્ટરપ્રેન્યોર સેન્ટર (BEC) ઈન્ટરનેશનલ વીમેન્સ ડે નિમિત્તે બે વર્કશોપ્સના હોસ્ટ પણ બનશે:

**શુક્રવાર, માર્ચ 5, સવારે 11 - બપોરે 12 સુધી**

BEC પ્રસ્તુત કરશે ડૉ. રોબાઈન હેન્લી-ડેફ઼ો (Dr. Robyne Hanley-Dafoe) ને, જેઓ અંગત સીધ-નિર્ધારણ (એલાઈનમેન્ટ): કામ સાથે સંતુલન રાખીને જીવનનો આનંદ માણવો. સહભાગીઓ અંગત મૂલ્ય ઓળખી કાઢતા તત્વો શોધી કાઢશે અને આપણાં કામને હેતુબદ્ધ રીતે અને અંગત મૂલ્યોનું નિર્ધારણ કરીને આરોગ્યપ્રદ ટેવોને પ્રોત્સાહિત કરે અને ગહન આનંદને પોષતી ઢબો શીખશે. નોંધણી કરાવવા, અહીં ક્લિક કરો.

The Corporation of The City of Brampton
2 Wellington Street West, Brampton, ON L6Y 4R2 311 TTY: 905.874.2130

**માર્ચ 8, સવારે 11 - બપોરે 12 સુધી**

BEC પ્રસ્તુત કરશે - કેફિનેટ એન્ડ સેલિબ્રેટ - મહિલા ઉદ્યોગ સાહસિકો અને ધંધાકીય માલિકો માટે એક મિશ્રિત અને મિંગલ (ભળવા માટેનો) સામાજિક કલાક. સહભાગીઓ તમારા માટે ધંધામાં મહિલા હોવાનો અર્થ પ્રતિબિંબિત કરી શકે છે; આનંદમાં ભળવું, સગવડભર્યા બ્રેકઆઉટ્સ; અને, "રાબેતા મુજબ ધંધા"ની પુનઃકલ્પના માટે તમારા વિચારો વહેંચો. નોંધણી કરાવવા, અહીં ક્લિક કરો.

**અવતરણો (ક્વૉટ્સ):**

"ઇન્ટરનેશનલ વીમેન્સ ડે મહિલાઓની સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક અને રાજકીય ઉપલબ્ધિઓની વૈશ્વિક ઉજવણીનો દિવસ છે. આ દિવસ લિંગ સમાનતાને વેગ આપવા માટે કાર્યવાહી કરવાની હાકલને પણ ચિહ્નિત કરે છે. સંસ્થાઓ અને સમૂહો મહિલાઓની ઉપલબ્ધિઓ અને મહિલાઓની સમાનતા માટેની રેલી ઉજવવા સાથે આવે એટલે નોંધપાત્ર પ્રવૃત્તિ સ્પષ્ટ બને છે."

- *પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), મેયર, સીટી ઓફ઼ બ્રેમ્પટન*

"દર વર્ષે માર્ચ 8 નાં રોજ ચિહ્નિત થતો ઇન્ટરનેશનલ વીમેન્સ ડે વર્ષના સૌથી મહત્વના દિવસોમાંનો એક છે જે સંપૂર્ણ લિંગ સમાનતા હાંસલ કરવા પદ્ધતિસરના ફેરફારો કરવામાં આપણાં વેગ અને આપણી કટિબદ્ધતાને ઓળખ આપે છે. આપણે ખાસ કરીને આ મહામારી દરમિયાન ઉન્નતિ કરવાનું ચાલુ રાખ્યું છે તેવી આપણી આગવી હરોળમાં રહેલી મહિલાઓને સ્વીકારીએ છીએ."

- *રૉવિના સેન્ટોસ (Rowena Santos), વૉર્ડ્સ 1 અને 5, પ્રાદેશિક કાઉન્સિલર*

"ઇન્ટરનેશનલ વીમેન્સ ડે આ મહામારી દરમિયાન આગવી હરોળમાં રહેલી મહિલાઓની શક્તિ અને સામર્થ્યને ઉજવવા વિશે છે. તે ઘણી પ્રેરણાત્મક, સહાયક અને પ્રોત્સાહનલક્ષી કથનોને પ્રકાશિત કરે છે જે છેવટે આપણને, આપણી પૂરી સંભાવના હાંસલ કરવા, મહિલાઓ અને છોકરીઓ તરીકે સશક્ત બનાવે છે."

- *શર્મિન વિલિયમ્સ (Charmaine Williams), વોર્ડ્સ 7 અને 8, સીટી કાઉન્સિલર*

"COVID-19 ને લીધે રૂબરૂમાં ભેગા થવાનો પ્રતિબંધ છે ત્યારે, સીટી ઓફ઼ બ્રેમ્પટન ઇન્ટરનેશનલ વીમેન્સ ડે વર્ચ્યુઅલી ઉજવવા કટિબદ્ધ છે. આ દિવસ આપણાં માટે મહિલાઓએ આપેલા ફાળાને પ્રતિબિંબિત કરવાની અને ઓળખવાની એક તક છે, અને આપણે સૌએ લિંગ સમાનતાને આગળ વધારવામાં આપણે સૌ ભજવીએ છીએ તે ભૂમિકાની યાદ આપણને અપાવે છે."

- *ડેવિડ બારિક (David Barrick), ચીફ઼ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર, સીટી ઓફ઼ બ્રેમ્પટન*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ઼ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

BRAMPTON

# Media Release


**મિડિયા સંપર્ક :**

મોનિકા દુગ્ગલ (Monika Duggal)

કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ

વ્યૂહાત્મક સંવાદ

સીટી ઓફ બ્રેમ્પટન

905-874-3426 | Monika.Duggal@brampton.ca